# <u>વસો કેમ્પસ ખાતે "શિક્ષક દિવસ"ની ઉજવણી</u>

કૃષિ મહાવિદ્યાલય – વ - કૃષિ પોલીટેકનીક, આ.કૃ.યુ, વસો ખાતે રાષ્ટ્રીય સેવા સંઘ દ્વારા તારીખ ૦૫/૦૯/૨૦૨૨ ના રોજ "**શિક્ષક દિવસ**" ની ઉજવણી કરવામાં આવી હતી. આ કાર્યક્રમની શરૂઆત સવારના ૮.૩૦ વાગ્યાથી શરૂ કરવામાં આવી હતી. અત્રેની કોલેજના ત્રીજા અને પાંચમા સેમેસ્ટરના પસંદ કરેલ વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ વિષયોના શિક્ષિક બન્યા હતા. ત્યારબાદ બપોરે ૦૪.૦૦ વાગ્યે પ્રમાણપત્ર વિતરણ સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. મદદનીશ પ્રાધ્યાપક ડૉ. સી. બી. વર્મા દ્વારા શિક્ષક દિનની ઉજવણી ક્યારથી અને કેમ કરવામાં આવે છે તેના પર વ્યક્તવ્ય રજૂ કર્યું હતું. ત્યારબાદ પોલિટેકનીકના અને કોલેજના વિધ્યાર્થીઓએ શિક્ષકની ભૂમિકા અને જીવનમાં શિસ્ત વિષે તેમના વિચારો રજૂ કર્યા હતા. આ કાર્યમમાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય આવેલ વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા. તેમા કૃષિ મહાવિદ્યાલયના આચાર્ય અને યુનિટ વડાશ્રી ડાં.વી.પી.રામાણી સાહેબે પ્રસંગોચિત ઉદબોધન કર્યુ હતું જેમાં તેઓએ વિદ્યાર્થીઓને તેમનામાં રહેલ કાબેલીયત શિક્ષક જ બહાર લાવી શકે છે અને વિધ્યાર્થીઓના જીવનના ઘડતરમાં શિક્ષકનો જે મહત્વનું યોગદાન રહેલ છે તેના પર તેમના વિચારો વ્યક્ત કર્યા હતા તેમજ જણાવ્યુ કે, સોસીયલ મીડિયાના પ્રવર્તમાન જમાનામાં વિદ્યાર્થીઓ પોતે પણ પોતાના માર્ગદર્શક બનવું પડશે. કૃષિ મહાવિદ્યાલય – વ - કૃષિ પોલીટેકનીકનો શિક્ષક ગણ અને તમામ વિદ્યાર્થીઓએ આ કાર્યક્રમમાં હાજરી આપી ને કાર્યક્રમને સફળ બનાવેલ. આ કાર્યક્રમનું સમાપન ડૉ.બી.એમ.ક્રિશ્ચિયન દ્વારા આભાર વિધિ કરી પૂર્ણ કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમનું આયોજન આચાર્ય અને યુનિટ વડા ડૉ. વી. પી. રામાણીનાં માર્ગદર્શન હેઠળ એન. એસ. એસ. પ્રોગ્રામ અધિકારી પુષ્પા એસ. પરમાર દ્વારા કરવામાં આવ્યું હતું.






Celebration of Teacher's day


AAU
Azadi Ka Amrit Mahotsav
Celebration of Teacher's day
College of Agriculture and Polytechnic in Agriculture
Anand Agricultural University